દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શુક્રવાર ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬

# અમેરિકાનાં લોકોને કરોડો ડોલરમાં નવડાવતાં વિદેશી કૌભાંડીઓ: અમેરિકી તંત્રની નબળાઇ છતી થઇ

અમેરિકાને દુનિયાભરના દેશો છેતરતા આવ્યા છે તેવી પ્રમુખ ટ્રમ્પની ફરિયાદો વચ્ચે એક અહેવાલ એવો પણ આવ્યો છે કે અમેરિકી નાગરિકોને પણ વિદેશોના અનેક ભેજાંબાજ સાયબર કૌભાંડીઓએ કરોડો ડોલરમાં નવડાવી નાખ્યાં છે! અમેરિકી સંસદની ‘જોઇન્ટ ઇકોનોમિક કમિટી’ દ્વારા વૈશ્વિક કૌભાંડ ગોરખધંધા વિશે કરવામાં આવેલી તપાસમાં જણાયું છે કે, અમેરિકી સરકારે સાયબર કૌભાંડમાં થઈ રહેલા વધારા સામે લડવા માટે પૂરતાં પગલાં લીધાં નથી અને ખાનગી ક્ષેત્ર સાથેની ભાગીદારી હજુ પણ અસંગઠિત અને મરજિયાત પ્રકારની છે. મંગળવારે રેન્કિંગ ડેમોક્રેટ્સ સેનેટર મેગી હસન અને પ્રતિનિધિ ડોન બેયર દ્વારા જાહેર કરવામાં આવેલા અહેવાલ મુજબ, વિદેશી કૌભાંડ અડ્ડાઓમાંથી કેટલી રકમ જપ્ત કરવામાં આવી છે અને પીડિતોને કેટલી રકમ પરત કરવામાં આવી છે તેનો સરકાર પાસે કોઈ ચોક્કસ હિસાબ પણ નથી. ધ એસોસિએટેડ પ્રેસ અને FRONTLINE દ્વારા વૈશ્વિક કૌભાંડો પર કરવામાં આવેલી એક વર્ષની તપાસનાં તારણોને ટાંકીને, આ અહેવાલમાં વિવિધ એજન્સીઓ વચ્ચે વધુ સારા સહયોગ, પીડિતો માટે સહાય અને ખાનગી ક્ષેત્રની વધુ ઊંડી સંડોવણીની હાકલ કરવામાં આવી છે.મેગી હસને એક ઈમેલમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય અપરાધ સંગઠનો વિશાળ અડ્ડાઓ ચલાવે છે જે અમેરિકનો વિરુદ્ધ કૌભાંડો આચરવા માટે AI સહિતની યુએસ ટેક્નોલોજીનો દુરુપયોગ કરે છે, જેનાં વિનાશક પરિણામો આવે છે.” “આ પડકાર ઝડપથી વધી રહ્યો છે, જેની વ્યાપકતાને જોતાં સંસદ, વહીવટીતંત્ર અને ખાનગી ક્ષેત્ર ત્રણેયે પોતાના પ્રયાસો વધુ મજબૂત કરવાની જરૂર છે.” એમ તેમણે જણાવ્યું હતું.

અમેરિકી સરકારની વિવિધ એજન્સીઓ દ્વારા જપ્તીની કાર્યવાહી ઝડપી બનાવવા છતાં, કૌભાંડનાં પીડિતો માટે તેમના પૈસા પાછા મેળવવા કેટલા મુશ્કેલ છે તે આ અહેવાલે સ્પષ્ટ કર્યું હતું, જે એપીએ તેના પ્રકાશન પહેલાં મેળવ્યો હતો. એફબીઆઈએ કમિટીને જણાવ્યું હતું કે તેણે ૨૦૨૫ માં કૌભાંડનાં પીડિતોને ૩૩૬ મિલિયન ડોલર પાછા આપ્યા હતા. ફેડરલ ટ્રેડ કમિશન( FTC )એ જણાવ્યું હતું કે તેણે નાણાંકીય વર્ષ ૨૦૨૫ માં છેતરપિંડીનાં પીડિતોને ૧.૮૩ અબજ ડોલર પાછા આપ્યા છે, પરંતુ તે નક્કી કરી શકાતું નથી કે તેમાંથી કેટલા પૈસા વિદેશી કૌભાંડના અડ્ડાઓમાં ખેંચાઇ ગયા હતા. આ બાબત અમેરિકી તંત્રની નબળાઇ છતી કરે છે. અમેરિકાનાં નાગરિકોને મોટે ભાગે રશિયા, ચીન, બાંગ્લાદેશ જેવા દેશોના હેકરો વધુ છેતરતાં હોવાની શક્યતા જણાય છે. ભારતનાં કેટલાંક ભેજાંબાજો પણ નકલી કોલસેન્ટરો ઊભાં કરીને અમેરિકી નાગરિકોને કાયદાના નામે ડરાવી, ધમકાવીને છેતરી ગયા હોવાના બનાવો નોંધાયા છે અને તેમાં ગુજરાતીઓ સહિત અનેક ભારતીયો પકડાયાં પણ છે. યુએસ સિક્રેટ સર્વિસે નાણાંકીય વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ માં છેતરપિંડીનાં પીડિતોને જપ્ત કરાયેલી સંપત્તિમાંથી ૭૭૦ મિલિયન ડોલરની રકમ પરત કરી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે વિભાગ દ્વારા સમર્થન મેળવતી વિદેશી કાયદા અમલીકરણ એજન્સીઓએ “સો મિલિયન ડોલરની નીચી શ્રેણીમાં” આવક જપ્ત કરી છે, પરંતુ કોંગ્રેસને વિગતો માટે ન્યાય, હોમલેન્ડ સુરક્ષા અને ટ્રેઝરી વિભાગોનો સંપર્ક કરવા જણાવ્યું હતું. આ બધું ભેગું કરીએ તો તે પીડિતોએ ગુમાવેલી રકમનો માત્ર એક નાનો હિસ્સો જ બને છે. ગયા વર્ષે અમેરિકનોએ એફબીઆઈને આશરે ૧૮ અબજ ડોલરના સાયબર ફ્રોડના નુકસાનની જાણ કરી હતી - એટલે કે પ્રતિ કલાક ૨ મિલિયન ડોલરથી વધુ. ઘણાં લોકો તો આ અપરાધની જાણ પણ કરતાં નથી.

અહેવાલમાં એ વાત પર પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે જેમ જેમ અપરાધિક કૌભાંડના નેટવર્ક વધુ દેશોમાં વિસ્તરી રહ્યાં છે, તેમ તેમ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના બજેટ કાપને કારણે બાંગ્લાદેશમાં ઓછામાં ઓછો એક કૌભાંડ વિરોધી પ્રોગ્રામ બંધ થઈ ગયો છે, જે સાયબર ફ્રોડની તપાસ કરવા માટે સ્થાનિક કાયદા અમલીકરણને તાલીમ આપી રહ્યો હતો. યુરોપિયન યુનિયન દ્વારા ભંડોળ પૂરું પાડેલા યુનાઇટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઇમના ગયા મહિનાના અહેવાલ મુજબ બાંગ્લાદેશ વૈશ્વિક કૌભાંડ પ્રવૃત્તિઓ માટે એક ઉભરતું કેન્દ્ર છે. અમેરિકી વિદેશ વિભાગ, જેણે જણાવ્યું હતું કે તેની પાસે અમેરિકા અને એશિયામાં ૬૦ કર્મચારીઓ છે જેઓ વિદેશી કૌભાંડના અડ્ડાઓ સામે લડવા માટે નોંધપાત્ર સમય ફાળવે છે, કમિટીને કહ્યું કે તેની પાસે “આંતરરાષ્ટ્રીય સ્તરે આ જોખમનો સામનો કરવા માટે જરૂરી સાધનો છે.” અહેવાલમાં કોંગ્રેસને પેન્ડિંગ કાયદો પસાર કરવાની વિનંતી કરવામાં આવી છે જે કૌભાંડો સામે લડવા માટે એકીકૃત ફેડરલ વ્યૂહરચના ફરજિયાત બનાવશે અને પીડિતોને નુકસાનની જાણ કરવા અને મદદ મેળવવા માટે એક કેન્દ્રીય સ્થાન સ્થાપિત કરશે. વ્હાઇટ હાઉસે પણ વધુ ફેડરલ સંકલનની હિમાયત કરી છે. ૨૭ રાષ્ટ્રોના EU, યુનાઇટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરથી વિપરીત, અમેરિકાએ ટેક્નોલોજી, ટેલિકોમ્યુનિકેશન અથવા નાણાંકીય સેવા કંપનીઓને અને ગ્રાહકોને કૌભાંડોથી બચાવવા માટે પૂરતાં પગલાં નહીં ભર્યાં હોવાનું સાબિત થાય છે.

## એક દોરાનો ફરક



ચીનના એક પ્રાચીન શહેરમાં લિયાંગ નામનો કારીગર રહેતો હતો. તે લાકડામાંથી સુંદર દરવાજા બનાવતો. એક દિવસ તેને રાજાના નવા મહેલ માટે દરવાજા બનાવવાનું કામ મળ્યું.

લિયાંગે શ્રેષ્ઠ લાકડું પસંદ કર્યું. તેણે દિવસો સુધી માપ લીધાં, આકાર કોતર્યો અને દરવાજો તૈયાર કર્યો. પરંતુ દરવાજો બંધ કરતાં એક બાજુ થોડું નાનકડું અંતર રહી જ જતું અને એટલે લિયાંગ ફરી દરવાજો કાઢતો, સુધારા કરતો...સતત મહેનત કરી રહ્યો હતો.

તેના શિષ્યે કહ્યું, ‘ગુરુજી, બહુ નાનો ફરક છે કોણ જોશે? દૂરથી તો દરવાજો સુંદર લાગે છે.’

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

લિયાંગે જવાબ આપ્યો, ‘જે કામમાં મારી સહી હોય, તેમાં કોઈ ખામી ન ચાલે અને મને સમજ નથી પડતી કે આ અંતર બધું બરાબર કર્યું છતાં કેમ રહે છે. આ નાનકડા અંતરનું કારણ મને સમજાતું નથી પણ સમજ્યા વિના કામ એમ છોડી શકતો નથી.’

આટલું કહી લિયાંગે બધા ફરી માપ લીધાં. લાકડાનો ભેજ, હવામાન અને દરવાજાની કળ અને મજાગરાની સ્થિતિ તપાસી.ઘણી તપાસ પછી તેને સમજાયું કે લાકડું સૂકાતાં તેનો આકાર થોડો બદલાયો હતો. તેથી તેને જરૂરી સુધારા કર્યા અને પછી દરવાજો સંપૂર્ણ રીતે બંધ થવા લાગ્યો.હવે બે દરવાજા વચ્ચે એક દોરાનો ફરક પણ ન હતો. લિયાંગના કામના ભરપૂર વખાણ થયા.

વર્ષો વીત્યાં હવે લિયાંગ ઉંમર થતાં કામ ઓછું કરતા હતા.એક દિવસ તેમનો પેલો શિષ્ય આવ્યો અને પોતાની મુશ્કેલી જણાવતાં બોલ્યો, ‘ગુરુજી, મને રાજા તરફથી બહુ મોટું કામ મળ્યું હતું, ઘણા દરવાજા બનાવીને આપવાના હતા. બંધ થવામાં થોડો ફરક રહેતો હતો પણ કોઈએ વાંધો ઉઠાવ્યો ન હતો,પણ હવે ઋતુ બદલાતાં દરવાજા અટકવા લાગ્યા છે અને મને સમજાતું નથી કે શું કરું, સુધારીને નહિ આપું તો રાજા સજા કરશે તેવો ડર છે.’ લિયાંગે કહ્યું, ‘તને મેં પહેલેથી સમજાવ્યું હતું કે બરાબર માપ લઇ દસ વાર ગણતરી કરીને જ દરવાજા બનાવવા.આપને જે વસ્તુ બનાવી તેમાં કોઈ ખામી હોવી જ ન જોઈએ. હવે તારે બધા દરવાજા માટે બધી ગણતરી ફરી કરીને સુધારા કરવા પડશે અને વધુ સમય જશે પણ જો નામ સારું કરવું હોય તો તારા કરેલા દરેક કામમાં બરાબર ધ્યાન આપવું જોઈએ.કામમાં એક દોરાનો ફરક ન હોવો જોઈએ. કામ ઝડપથી કરવું સારું છે પણ કામ ઝડપથી કરવાનો અર્થ એ નથી કે દરેક નાની બાબત પર ધ્યાન ન આપવું. સાચી ઝડપ એ છે કે કામ એવી રીતે કરવું કે વારંવાર ભૂલ સુધારવી ન પડે.”

# આંકડાઓની રમત અને કુપોષણની કડવી વાસ્તવિકતા

## કહેવાની વાત

**નેહા શાહ**

**શ્રમિક વર્ગને જોઈએ તો સસ્તા સુલભ પડીકામાં મળતા ખાદ્ય પદાર્થોનો નાસ્તો કરી તેઓ પેટ તો ભરે છે પણ પોષણ મળતું નથી**

વિશ્વમાં ભૂખમરાની પરિસ્થિતિ વણસી હોવાનું તાજેતરમાં જાહેર થયેલા 2026ના વૈશ્વિક ભૂખમરા સૂચકાંક (Global Hunger Index - GHI) જણાવે છે. યુદ્ધ અને જળ-વાયુ પરિવર્તન આનાં મુખ્ય કારણ છે. ભૂખમરો એટલે માત્ર પેટ ભરાય એટલા ખોરાકનો અભાવ નહિ, પણ શરીરને સ્વસ્થ જીવન જીવવા માટે જરૂરી પોષક તત્ત્વો મળે છે કે નહીં તે પણ એટલું જ મહત્ત્વનું છે. જેમકે, શ્રમિક વર્ગને જોઈએ તો સસ્તા સુલભ પડીકામાં મળતા ખાદ્ય પદાર્થોનો નાસ્તો કરી તેઓ પેટ તો ભરે છે પણ પોષણ મળતું નથી.

2006થી દર વર્ષે પ્રકાશિત થતા આ સૂચકાંકમાં ભૂખમરાની સ્થિતિ માપવા માટે ચાર માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે: કુપોષણ, બાળકોનું ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન, ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈ અને પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનો મૃત્યુદર. 2018 સુધી ભૂખમરાને કાબૂમાં લાવવા વૈશ્વિક સ્તરે સારી પ્રગતિ નોંધાઈ હતી. પણ ત્યાર પછી કોવીડ, યુક્રેન, ગાઝા અને ઈરાનના યુદ્ધ તેમજ જળ-વાયુ પરિવર્તન જેવાં કારણોસર આ પ્રગતિએ પીછેહઠ કરી છે. આ વર્ષનો રીપોર્ટ બતાવે છે કે બાળ-મૃત્યુદર ઘટ્યો છે પણ, કુપોષણ વધ્યું છે.

આ સૂચકાંકના 122 દેશોની યાદીમાં ભારતનો ક્રમ 100મો છે. ભારત, જેણે ખાદ્યાન્નના ઉત્પાદનમાં અને આર્થિક વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે તેને માટે આ ક્રમ નિરાશાજનક કહી શકાય. જો કે, ભારતે લાંબી મજલ કાપી છે. વર્ષ 2000માં ભારત ભૂખમરા સૂચકાંક 38.1 સાથે ભયજનક સ્થિતિમાં હતું તેની સરખામણીમાં 2026માં સૂચકાંક ઘટીને 24.1 થયો છે, એ સ્થિતિ ગંભીર તો છે જ. દેશની પ્રગતિ જોઈએ તો કુપોષણનું પ્રમાણ વર્ષ 2000ના 18.4 ટકાથી ઘટીને 2026માં 9.8 ટકા થયું, બાળકોમાં ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈનું પ્રમાણ 50 ટકાથી ઘટીને 29.3 ટકા થયું, પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનો મૃત્યુદર પણ 9.2 ટકાથી ઘટીને 2.7 ટકા થયો. આ નોંધપાત્ર સિદ્ધિઓ છે અને તેને નકારી શકાય નહીં. પરંતુ બાળકોમાં પોષણની ઊણપનો એક ગંભીર પ્રશ્ન હજુ યથાવત્ છે. ઓછું વજન ધરાવતાં બાળકોનું પ્રમાણ (Child Wasting) ભારતમાં ચિંતાનો વિષય છે. કારણકે, એ તીવ્ર કુપોષણની નિશાની છે. 2012માં આ પ્રમાણ ઘટીને 15 ટકા થયું હતું, પરંતુ 2026માં ફરી વધીને 19 ટકા થયું છે, જે બતાવે છે કે આર્થિક વિકાસ અને ખાદ્ય સુરક્ષાના લાભો તમામ બાળકો સુધી પૂરતા પોષણના સ્વરૂપમાં પહોંચ્યા નથી.

સરકાર 2021થી વૈશ્વિક ભૂખમરા સૂચકાંક માપવાની પદ્ધતિ સામે સવાલ ઉઠાવતી રહી છે. સરકારની દલીલ છે કે આ સૂચકાંક ભારતમાં ખાદ્ય સુરક્ષા માટે કરવામાં આવતા પ્રયાસોને પૂરતું મહત્ત્વ આપતો નથી. એક સમયે તો ‘ભારતને નીચું દેખાડવા માટેનું ષડ્યંત્ર’ પણ ગણાવાયું છે! શક્ય છે કે ભારતની પરિસ્થિતિને સમજવા માટે આ સૂચકાંકની પદ્ધતિ યોગ્ય ના હોય. પણ, ભારતના પોતાના આંકડા પણ કાંઈ ખાસ જૂદું ચિત્ર દર્શાવતા નથી. એટલે કુપોષણના પ્રશ્નને ગંભીરતાથી લેવાની જરૂર છે. પણ, સરકારી અભિગમ તો પ્રશ્નને નકારવાનો જ રહ્યો છે અને જો આંકડા વિપરીત પરિસ્થિતિ બતાવતા હોય તો આંકડા જ ઢાંકી દો! દાખલા તરીકે, મહિલાઓમાં લોહીની ઊણપ એટલે કે એનીમિયાનો પ્રશ્ન જ લઈએ. પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ NFHS-5 (2019 -2021) મુજબ, 15થી 49 વર્ષની ઉંમરની અડધાથી વધુ ભારતીય મહિલાઓ એનીમિયાથી પીડાતી હતી.

‘એનીમિયામુક્ત ભારત’ અભિયાન 2018થી ચાલી રહ્યું છે. જેનાં શું પરિણામ આવ્યાં એ જાણવા સૌથી વિશ્વસનીય આંકડા NFHS-6ના (2023-24) હોવા જોઈએ. પરંતુ મે 2026માં બહાર આવેલા એના રીપોર્ટમાં મહિલાઓમાં એનીમિયાનું પ્રમાણ દર્શાવતા આંકડા સામેલ નહોતા. અન્ય કેટલાક મહત્ત્વપૂર્ણ માપદંડો પણ આ રીપોર્ટમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. સરકારે એનીમિયા અંગે અલગ અભ્યાસ કરવાની વાત તો કરી, પરંતુ જો અગાઉના આંકડાઓ સાથે સરખાવી શકાય તેવા આંકડા ઉપલબ્ધ ન હોય, તો સરકારની યોજનાઓથી કેટલી પ્રગતિ થઈ છે તેનું મૂલ્યાંકન કેવી રીતે કરી શકાય? વળી, અનુકૂળ આંકડા કાઢી નાખો તો ચિત્ર તો રળિયામણું જ લાગવાનું! એટલે પ્રચાર તંત્ર કહેશે કે દેશે પૂરતી પ્રગતિ કરી છે - કોઈ ભૂખ્યું સૂતું નથી! શહેરી મધ્યમ વર્ગ પણ આવા દાવાઓની ખરાઈ અંગે સવાલ કરતા નથી, કારણ કે તેમના રોજિંદા જીવનમાં ભૂખમરો નડતો નથી, એટલે ગરીબ વર્ગમાં કુપોષણની વધ-ઘટ એમને નડતી નથી.

કુપોષણની સમસ્યાનો સંબંધ ગરીબી, ઓછી અને અનિશ્ચિત આવક, પૌષ્ટિક ખોરાક સુધીની અસમાન પહોંચ, જાહેર આરોગ્ય સેવાઓની અછત, સ્વચ્છતાની નબળી સ્થિતિ અને સંસાધનોની અસમાન વહેંચણી સાથે છે. બાળકોનું પોષણ પણ માત્ર ખોરાકની ઉપલબ્ધિ પર આધારિત નથી. માતાનું સ્વાસ્થ્ય, સ્વચ્છતા, આરોગ્ય સેવાઓ અને બાળકોના ઉછેરની પરિસ્થિતિઓ પણ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ બધા પ્રશ્ન એકબીજા સાથે જોડાયેલા છે. સવાલ એ નથી કે ભારતનો વૈશ્વિક ક્રમાંક યોગ્ય છે કે નહીં, કે સરકાર પસંદ કરેલા આંકડાઓ દ્વારા કેટલી પ્રગતિ દર્શાવી શકે છે. સાચો સવાલ એ છે કે શું દરેક બાળકને પૂરતું પોષણ મળે છે? શું દરેક મહિલાને સ્વસ્થ જીવન માટે જરૂરી ખોરાક, આરોગ્ય સેવાઓ અને સંસાધનો ઉપલબ્ધ છે? જે એમના સુધી પહોંચે છે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભારતમાં મોટું સર્વિસ સેક્ટર અને પ્રજાનો ઉંચો વપરાશી ખર્ચ વાસ્તવમાં ગંભીર બાબત છે

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**ભારતની અડધાથી વધુ વસ્તી હજુ પણ કૃષિ અથવા અસંગઠિત ક્ષેત્ર પર નિર્ભર છે, જ્યાં આવક ખૂબ ઓછી છે**

વર્ષ ૨૦૦૮ ની વૈશ્વિક મંદી સમયે આ લેખમાળામાં આપણે લખેલું કે ભારતના ઉત્સવો એ વૈશ્વિક મંદીનો ઘરેલું ઈલાજ છે. જો કે દર ત્રણ મહિને આવતા ઉત્સવો અને તહેવારો તથા તેમાં ખર્ચાતા કરોડો રૂપિયા કાયમ માટે યોગ્ય બાબત નથી. વળી ૨૦૦૮ કરતાં ૨૦૨૬ ની ભારતની આર્થિક સ્થિતિ જુદી છે. ઉત્સવો પાછળ થતા ખર્ચા માત્ર વપરાશ વધારે છે. રોકડની ગતિશીલતા વધારે છે પણ ઉત્પાદન વધારતા નથી. ઉત્પાદન વધે છે તો પણ સર્વિસનું ઉદ્યોગ કે કૃષિનું નહિ. ઉલટાનું કેટલાક સેક્ટરમાં ઉત્પાદન અવરોધાય છે તહેવારોની રજાના કારણે! ગુજરાતમાં જ આ દિવાળીમાં શ્રમિકો વતનમાં જતાં રહેતાં તમામ ફેક્ટરી અને બાંધકામ સેક્ટર મહિના દિવસ માટે થંભી જશે એ આપણો અનુભવ છે.

ભારતના આર્થિક માળખામાં મોટું સર્વિસ સેક્ટર અને પ્રજાનો ઊંચો વપરાશી ખર્ચ લાંબા સમયથી વિકાસનાં મુખ્ય ચાલકબળો રહ્યાં છે. સામાન્ય રીતે આ બાબતોને આર્થિક સમૃદ્ધિની નિશાની માનવામાં આવે છે, પરંતુ ઊંડાણપૂર્વક જોતાં તે ભારતીય અર્થતંત્ર માટે એક મોટી ચિંતા અને ગંભીર પડકાર પણ છે.

સૌથી મોટો આર્થિક વિરોધાભાસ એ છે કે ભારતનું સર્વિસ સેક્ટર દેશના જીડીપી (GDP)માં ૫૦%થી વધુ યોગદાન આપે છે, પરંતુ તે દેશના વિશાળ શ્રમબળને રોજગારી આપવામાં નિષ્ફળ રહ્યું છે. સર્વિસ સેક્ટર મોટે ભાગે કુશળ આઈટી, ફાયનાન્સ કે કન્સલ્ટિંગ જેવાં ક્ષેત્રો પર નિર્ભર છે, જે માત્ર મર્યાદિત વસ્તીને જ સમાવી શકે છે. જ્યારે બીજી તરફ, ભારતની અડધાથી વધુ વસ્તી હજુ પણ કૃષિ અથવા અસંગઠિત ક્ષેત્ર પર નિર્ભર છે, જ્યાં આવક ખૂબ ઓછી છે. મેન્યુફેક્ચરિંગક્ષેત્રનો પૂરતો વિકાસ ન થવાને કારણે દેશમાં મધ્યમ-કુશળ શ્રમિકો માટે રોજગારીની ભારે કટોકટી સર્જાઈ છે. આનાથી આર્થિક અસમાનતા સતત વધી રહી છે.

બીજી ગંભીર બાબત પ્રજાનો ઊંચો વપરાશી ખર્ચ છે. ભારતીય અર્થતંત્ર ‘વપરાશ આધારિત’ છે. લોકો જ્યારે વધુ ખર્ચ કરે છે ત્યારે બજારમાં માંગ વધે છે, જે ટૂંકા ગાળા માટે સારી બાબત છે. પરંતુ આ આદત પાછળ એક મોટો ખતરો છુપાયેલો છે: તહેવારો સમાજને ઊર્જા અને ઉમંગ પૂરાં પાડે તે નિમિત્તે થતો ખર્ચ બજારમાં માંગનું સર્જન કરે પણ તહેવારો દર અઠવાડિયે ના આવવા જોઈએ. વળી આપણા ધાર્મિક, સામાજિક તહેવારોને પ્રસંગોને ઈવેન્ટ મેનેજમેન્ટવાળા ગળી ગયા છે. લગ્નમાં સંસ્કાર અને સાંસ્કૃતિક પરંપરા ઓછી અને ફિલ્મ સ્ટાઈલ એન્ટ્રી ને ખર્ચાળ દેખાડા વધતા જાય છે. વળી ઉચ્ચ મધ્યમ વર્ગની દેખાદેખીમાં નિમ્ન વર્ગ પણ ખર્ચાળ પ્રસંગો કરી રહ્યો છે. આ વખતે ગરબામાં એક રાત્રિના પાસ પંદર હજારથી વીસ હજારમાં વેચાયા એ વાત ચર્ચામાં આવી પણ નોર્મલ પાસ અને એનો ખર્ચ પણ ત્રણ હજારથી ઓછો નથી થયો.

ભારતમાં ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી અને મોબાઈલ સહિતની વપરાશી વસ્તુઓનું ઉધાર વેચાણ વધી રહ્યું છે. આ સામે ઘટી રહેલી ઘરેલું બચત. જ્યારે લોકો આવકનો મોટો હિસ્સો મોજશોખ, લાઈફસ્ટાઈલ અને દેખાડા પાછળ ખર્ચ કરી નાખે છે, ત્યારે દેશમાં લાંબા ગાળાના મૂડી રોકાણ માટે નાણાં ઘટવા લાગે છે. કોઈ પણ દેશના મજબૂત ભવિષ્ય માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફેક્ટરીઓ અને ઉદ્યોગોમાં રોકાણ થવું જરૂરી છે, જે બચતમાંથી જ શક્ય બને છે. વળી, મોંઘવારી અને દેવાના સહારે વધતો વપરાશી ખર્ચ ભવિષ્યમાં મધ્યમ વર્ગને આર્થિક કટોકટી તરફ ધકેલી શકે છે.

નિષ્કર્ષ એ છે કે માત્ર સર્વિસ સેક્ટર અને વપરાશી ખર્ચના જોરે લાંબો સમય ટકી શકાય નહીં. જો ભારતે સાચો અને ટકાઉ વિકાસ કરવો હોય, તો મેન્યુફેક્ચરિંગ સેક્ટરને મજબૂત કરી રોજગારી ઊભી કરવી પડશે.

સાથે જ ખેતી ક્ષેત્રમાં મજબૂત પ્રોત્સાહનો આપવાં પડશે. કૃષિમાં રોકાયેલા શ્રમને યોગ્ય વળતર મળશે તો જ તે બીજા સેક્ટર પર દબાણ ઊભું નહિ કરે. ગ્રામિણ પ્રજાની આવક વધે સાથે જ પ્રજામાં બચતની સંસ્કૃતિને પુનઃજીવિત કરવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સોલાર શ્રેષ્ઠ વિકલ્પ

વીજળી વિના વિકાસ શક્ય નથી, પરંતુ મોંઘી વીજળીનો ખર્ચ ઘટાડવો પણ આજના સમયની જરૂરિયાત છે. વધતી વીજમાગ, કોલસા જેવા પરંપરાગત ઊર્જાસ્રોતો પરનું ભારણ અને પર્યાવરણનું સંકટ જોતાં સોલાર ઊર્જા એક અસરકારક વિકલ્પ બની રહી છે. 30 નવેમ્બર, 2025 સુધી ભારતની સ્થાપિત સોલાર વીજળી ક્ષમતા આશરે 132.85 ગીગાવોટ હતી, જેમાં ગુજરાતનો ફાળો 24.79 ગીગાવોટ હતો. પૂરતો સૂર્યપ્રકાશ અને અનુકૂળ પરિસ્થિતિઓને કારણે ગુજરાત સોલાર ઊર્જાના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે.

કેન્દ્ર સરકારની ‘પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મુફ્ત વીજળી યોજના’ હેઠળ ઘરોમાં રૂફટોપ સોલાર સ્થાપવા માટે સબસિડી આપવામાં આવે છે. સોલાર પેનલથી લાંબા ગાળે વીજળીના બિલમાં બચત થાય છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળે છે. જોકે સિસ્ટમનો પ્રારંભિક ખર્ચ, જાળવણી અને સબસિડીના નિયમો સમજવા જરૂરી છે. ઘર, શાળા, સંસ્થા અને ઉદ્યોગો પોતાની જરૂરિયાત મુજબ સોલાર અપનાવે તો વીજળીના ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. ‘પાણી પહેલાં પાળ બાંધવી’ એ ન્યાયે વીજસંકટની રાહ જોવાને બદલે આજે જ સોલાર ઊર્જા અપનાવવા આયોજન કરવું જોઈએ.

**સુરત -મુકેશ બી. મહેતા**

## ‘જાળા પાંચમ’થી દિવાળીની સફાઈની શરૂઆત થતી

દિવાળી એટલે પ્રકાશ, આનંદ અને સ્વચ્છતાનો તહેવાર. દિવાળી પહેલાં ઘરની સાફસફાઈ કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ચોમાસામાં ઘરમાં ભેજને કારણે જીવજંતુઓનો ઉપદ્રવ વધે છે. શરદ પૂનમ પછી ઋતુ બદલાતાં ભેજનું પ્રમાણ ઘટે છે અને વાતાવરણ સૂકું બનતાં ઘરની સફાઈ માટે અનુકૂળ સમય મળે છે. સુરતમાં આસો વદ પાંચમથી ઘરની સફાઈની શરૂઆત થતી, જેને સુરતીઓ ‘જાળા પાંચમ’ કહેતા હતા. ઘરના ખૂણા અને છત કરોળિયાનાં જાળાં બનાવવાનું પસંદગીનું સ્થાન છે. ધાર્મિક માન્યતા પ્રમાણે ઘરમાં જાળાં હોવાં અશુભ ગણાય છે. તેનાથી વાસ્તુદોષ થાય અને લક્ષ્મીની બરકત રહેતી નથી, એવી માન્યતાને કારણે વડીલો ઘરની નિયમિત સફાઈ કરતા. જૂનાં ઘરોમાં કાતરિયાં (માળિયાં)ની ખાસ સફાઈ થતી. આજના સ્ટોરરૂમ જેવા કાતરિયામાં ઉત્તરાયણનાં પતંગ-ફીરકી, દિવાળીના ફટાકડા, રંગોળીની સામગ્રી, હોળીના નગારા, નવરાત્રિના દાંડિયા, મોટાં વાસણો અને બાળકોનાં રમકડાં સહિતની અનેક વસ્તુઓ સાચવવામાં આવતી. કાપડનાં કારખાનાંમાં કાળી ચૌદશના દિવસે સફાઈ કરવાની પરંપરા પણ હતી.

સુરતીઓના સ્વચ્છતાના આ અનોખા દિવસ ‘જાળા પાંચમ’નો ઉલ્લેખ પંચાંગમાં જોવા મળતો નથી, છતાં દિવાળી પહેલાં ઘરને સ્વચ્છ અને સુંદર બનાવવાની આ પરંપરા સુરતની આગવી ઓળખ છે.

**સુરત -કિરીટ મેઘાવાલા**

## ભારતમાં ભૂખમરાની સ્થિતિ

તાજેતરના ગ્લોબલ હંગર ઈન્ડેક્સના આંકડા વિશ્વમાં ભૂખમરાની ગંભીર સ્થિતિ તરફ ધ્યાન દોરે છે. ભારત અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભર હોવા છતાં કુપોષણની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ભારતનો ભૂખમરા સૂચકાંકનો સ્કોર 24.1 છે, જે ગંભીર શ્રેણીમાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ મોંઘવારીને કારણે ભારતના 35.5 ટકા લોકોને પૌષ્ટિક આહાર મળતો નથી. નેપાળ અને બાંગ્લાદેશ કરતાં ભારતમાં ભૂખમરો વધુ હોવાનો અહેવાલ પણ ચિંતાજનક છે. કેન્દ્ર સરકાર મફત અનાજ વિતરણ યોજનાનો ઉલ્લેખ કરીને આ દાવાઓ સામે અસહમતિ વ્યક્ત કરે છે. જોકે, અનાજની ઉપલબ્ધતા અને પોષણયુક્ત આહારની પહોંચ વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. એક તરફ કરોડો લોકો ભૂખ્યા સૂઈ જાય છે, તો બીજી તરફ વિશ્વભરમાં હજારો ટન ખોરાકનો બગાડ થાય છે. ખોરાકનો આ વેડફાટ માનવતા માટે મોટો પડકાર છે. અનાજના સંગ્રહ, વિતરણ અને વપરાશમાં થતો બગાડ અટકાવવો અનિવાર્ય છે. સરકાર, સામાજિક સંસ્થાઓ અને નાગરિકોએ સાથે મળીને પોષણયુક્ત આહાર દરેક સુધી પહોંચાડવા પ્રયત્ન કરવો જોઈએ. વિશ્વમાં યુદ્ધ કરતાં ભૂખમરાથી વધુ લોકો મૃત્યુ પામતા હોવાની આશંકા પણ આ સમસ્યાની ગંભીરતા દર્શાવે છે. જ્યાં સુધી એક પણ વ્યક્તિ ભૂખી સૂવે છે, ત્યાં સુધી વિકાસ અધૂરો જ ગણાય!

**નવસારી -ડૉ. જે. એમ. નાયક**

## ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણી

આ વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદની વર્ષ ૨૦૨૭થી ૨૦૨૯ના સમયગાળા માટે ચૂંટણીપ્રક્રિયા ચાલી રહી છે. આ વર્ષની ચૂંટણી ભારે રસાકસીભરી છે. ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના ઈ.સ. ૧૯૦૫માં રણજિતરામ વાવાભાઈ મહેતા દ્વારા કરવામાં આવી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદ ૧૨૧ વર્ષ જૂની છે. આ વખતની પરિષદના પ્રમુખપદના દાવેદારો શ્રી કિરીટ દૂધાત અને શ્રીમતી ડૉ. ઉષા ઉપાધ્યાય છે. દર ત્રણ વર્ષે યોજાતી પ્રમુખપદની ચૂંટણી સામાન્ય રીતે શાંતિપૂર્ણ રીતે યોજાતી હોય છે, પરંતુ આ વર્ષની ચૂંટણી અંગે અખબારોમાં સમાચારો પ્રસિદ્ધ થયા છે. ચૂંટણીપ્રચાર દરમિયાન સામસામે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં પણ જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. અંદાજે ૩૮૦૦ મતદારો છે. મતદારયાદીમાં સુધારાની જરૂરિયાત હોવાની રજૂઆત અખબારોમાં થઈ છે. આવું પ્રથમ વાર બન્યું હોવાની ચર્ચા પણ થઈ રહી છે. જોકે, સાહિત્ય પરિષદ અનેક નવોદિતોને પ્રોત્સાહન પૂરું પાડે છે અને પુસ્તકો પ્રકાશિત કરે છે. પરિષદ પ્રશંસનીય કામગીરી કરી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ લોકાશ્રયથી ચાલી રહી છે. સાહિત્ય પરિષદની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય એ સમયની માંગ છે. સાહિત્ય પરિષદમાં બિનજરૂરી વિવાદ ન થાય એનું પણ ધ્યાન રાખવું રહ્યું.

**નવસારી -હિતેન્દ્ર ટેલર.**

## કર્મ કોઈને છોડતું નથી!

ભગવાનની પૂજા-અર્ચના કરવી એ અનેક લોકોના જીવનનો નિત્યક્રમ છે. સામાન્ય રીતે લોકો પોતાના કલ્યાણ, પરિવારની સુખ-સમૃદ્ધિ અને ધનવૈભવની વૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. પરંતુ ઈષ્ટદેવ સમક્ષ માનતા રાખીને મનગમતું ફળ મેળવવા માટે પ્રલોભનો આપવાં કેટલા યોગ્ય છે? જાણે ભગવાનને પણ લાંચ આપવાની માનસિકતા હોય તેમ આ પ્રકારની ભક્તિનો આશય વિચારવા જેવો છે.

સ્વર્ગ-નરકની કલ્પનાઓ કરતાં કર્મના સિદ્ધાંતને સમજવો વધુ જરૂરી છે. માણસ જેવાં કર્મ કરે છે, તેવાં પરિણામો તેને ભોગવવાં પડે છે. સત્કર્મથી જીવનમાં સદભાવના અને શાંતિ આવે છે, જ્યારે કુકર્મનાં પરિણામો દુઃખદ બની શકે છે. માત્ર પૂજા કરવાથી કર્મનાં પરિણામો ટળી જતાં નથી.

તેના કરતાં લોભ, મોહ, ક્રોધ અને અહંકારનો ત્યાગ કરીને નિષ્ઠા તથા પ્રમાણિકતાથી પોતાની ફરજ નિભાવવી જોઈએ. અઠવાડિયાના સાતેય દિવસ જુદા-જુદા દેવની પૂજા કરવા કરતાં જીવનમાં સદાચારને સ્થાન આપવું વધુ મહત્ત્વનું છે. શ્રદ્ધા વ્યક્તિગત બાબત છે, પરંતુ સાચી ભક્તિનું મૂલ્ય સારા આચરણમાં છે. કર્મ જ પૂજા છે અને નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવવી એ જ સાચો ધર્મ છે.

**તરસાડા -પ્રવીણસિંહ મહિડા**